# કિસાન માધ્યમિક વિદ્યાલયમાં

## વૃક્ષારોપણ કાર્યક્રમ અંગેનો અહેવાલ

આજરોજ તારીખ :- 08/07/2024 ને સોમવારના રોજ કિસાન માધ્યમિક વિદ્યાલય, લુણાવાડા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં શાળાના મોટાભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો .આચાર્યશ્રી,શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સાથે મળીને લીમડો ,વાંસ, જાંબુ ,સરગવો ,સીતાફળ, બીલી, ચંદન, નીલગીરી, બકામ લીમડો વગેરે જેવા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.સાથે સાથે વિદ્યાર્થીઓને વૃક્ષોની માવજત અને તેમની ઉપયોગીતા વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.પ્રકૃતિ નું મહત્વ સમજાવી પ્રકૃતિને આપણે સાચવીશું તો તે આપણને સાચવશે જેથી વધુ વૃક્ષો વાવો જેવી પ્રેરણા દરેક વિદ્યાર્થીઓને આચાર્યશ્રી દ્વારા આપવામાં આવી. કિસાન માધ્યમિક વિદ્યાલયના પટાંગણમાં મુકેલા કુંડાઓમાં નવીન ફૂલ છોડ અને મેદાનમાં જુદા જુદા પ્રકારના છોડનું વાવેતર કરી વિદ્યાર્થીઓએ પ્રકૃતિને જાણી અને તેનું જતન કરવાની પણ પ્રતિજ્ઞા લીધી. શાળાના આચાર્યશ્રી ,શિક્ષકગણ તેમજ શાળાના ભાઈઓ અને બહેનો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમની ખુબ સફળતા પૂર્વક ઉજવણી કરવામાં આવી.






વૃક્ષારોપણ કાર્યક્રમ
કિસાન માધ્યમિક વિદ્યાલય
તારીખ - 08/07/2024



